# ગેધરિંગ ફુટ




આ ટ્યુટોરિયલમાં તમે ઉષા જેનોમ ગેધરિંગ ફુટનો ઉપયોગ કરવાનું શીખશો. તેના નામ પ્રમાણે તે ફેબ્રિકના કોઈપણ ભાગમાં ગેધર બનાવવામાં મદદ કરે છે.














હકીકતમાં, ફેબ્રિકના એક ટુકડામાં તમને સોફ્ટ ગેધર કરવામાં મદદ કરવા ઉપરાંત, આ ગેધરિંગ ફુટ તમને ફેબ્રિકના બે ટુકડાઓને એકસાથે સ્ટીચ કરવામાં મદદ કરી શકે છે, જેમાંના એકને ગેધરની જરૂર પડે છે અને બીજાને જરૂર પડતી નથી. જેમ કે ફિટેડ ટોપ અને કમર પર ગેધર વાળો ડ્રેસ.

ઉષા જેનોમ ગેધરિંગ ફુટ સાથે ગેધર કેવી રીતે બનાવવા તે શીખવા માટે તમારે 21 x 8 ઈંચના ફેબ્રિકના એક ટુકડાની, અને તે જ ફેબ્રિકના 8 x 8 ઈંચ અને 24 x 8 ઈંચ માપના બે ટુકડાઓની જરૂર પડશે, અને મેચિંગ દોરા તો ખરા જ.

ચાલો પહેલા એક ફેબ્રિક પર સોફ્ટ ગેધર બનાવવાનું શીખીએ - હું જે રીતે કરું છું તેમ ફુટ સ્ક્રૂને ઢીલો કરીને નોર્મલ પ્રેશર ફુટ દૂર કરો. ગેધરિંગ ફુટ જોડો અને તેના પરનો સ્ક્રૂ ટાઈટ કરો.

પેટર્ન સિલેક્ટરને A પર, સ્ટીચ લેન્થને મેક્સિમમ સુધી, અને થ્રેડ ટેન્શન ડાયલને મેક્સિમમ પર ફેરવીને તમારું મશીન સેટ કરો.












ગેધરિંગ ફુટ નીચે ફેબ્રિકની સિંગલ લાંબી સ્ટ્રીપ મૂકો અને બસ સીવવાનું શરૂ કરો અને મશીનને તમામ કામ કરતુ જોઈને મજા માણો... જેમ-જેમ તમે સિવશો તેમ ફેબ્રિક સોફ્ટ રીતે ગેધર થઇ જશે.

તમારું કામ પૂરું થઇ ગયા પછી દોરો કાપી લો, અને ગેધર થયેલ ફેબ્રિકનો ટુકડો તમારી પાસે તૈયાર છે. હવે ચાલો તેને એક સ્ટેપ આગળ લઇ જઈએ અને ગેધરિંગ ફુટનો ઉપયોગ કરીને ફેબ્રિકના બે ટુકડા કેવી રીતે સીવવા તે શીખીએ.

બેઝ ફેબ્રિકના લાંબા ટુકડાને ફુટ નીચે મૂકો, ફુટને નીચે સ્નેપ કરો અને પછી તે જ ફેબ્રિકના નાના ટુકડાને તેની ઉંધી બાજુ તેની ઉપર રહે તે રીતે ગેધરિંગ ફુટની અંદર દાખલ કરીને મુકો.

દાખલ કરેલ ફેબ્રિકનો આ ઉપરનો ટુકડો સહેજ ઢીલો હશે તેથી સીવતી વખતે તેને ટાઈટ પકડો. સીવવાનું શરુ કરો.

ફુટ નીચે રહેલો ફેબ્રિકનો ટુકડો ગેધર થઇ જાય છે જયારે ઉપરનો ટુકડો ફેબ્રિકના અન્ય ટુકડા સાથે સિવાઈ જાય છે. આમ થતું જોવામાં ખૂબ જ મજા આવશે.

જયારે તમે ગેધર થયા વગરના છેડા પર પહોંચો ત્યારે તેને મશીનમાંથી બહાર કાઢી લો અને વધારાના ફેબ્રિકને કાપી લો.

તમારા જુના કપડાંમાં રેટ્રો ટચ ઉમેરીને તેને આકર્ષક બનાવવા માટે તેમાં આ ઝાલરો અને ગેધર ઉમેરો. એક મોટી ઝાલર ઉમેરેલ પેન્સિલ સ્કર્ટનો વિચાર કરો... વાહ! હમણાં જ જાઓ - કોઈપણ ગારમેન્ટ કે એસેસરીમાં સંપૂર્ણતા અને ભવ્યતા ઉમેરવા માટે આને અજમાવી તો જુઓ!

રચનાત્મક બનો - તે નજાકતથી સ્ત્રીલક્ષી બને શકે અથવા તો આકર્ષકતામાં ચાર ચાંદ લગાવી દે છે.